## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

પ્રવાહની દિશામાં કે પછી હો સામા પ્રવાહે,
હોડીને જાતે હલેસું મારી વહેવું છે મારે.
હજી તો જીવનસફરની માત્ર શરૂઆત છે,
ઊંચે આભ ભણી પ્રયાણ કરવું છે મારે.
પડતો હોઉં તો ભલે ઊંધા માથે પટકાતો,
આમ માથે હાથ દઈને નથી બેસી રહેવું મારે.
જાણું છું કે ધારેલું કદાચ બધું ન થઈ શકે,
પણ એક ડગલું તો એ તરફ માંડવું છે મારે.

● પાર્થિક સોની

### પાથેય

- રમેશ ઠક્કર

## જાતનું હલેસું....

એક ચાઇનીઝ કહેવત છે કે "કોઇપણ મોટી સફરની શરૂઆત એક નાનકડા પગલાથી થતી હોય છે "..અલ્પ શબ્દોમાં આટલી અદ્ભુત વાત કહેવતમાં જ શકય છે..એમાં જીવનનો સાર અને સમજણ ભરેલાં હોય છે..અને એટલે જ એ સહજભાવે લોકોની જીભે રમતી થઈ જાય છે.જગતમાં મોટાભાગે પ્રવાહ જોઇને ચાલતા લોકો જોવા મળે છે.આપણે એને ડાહયા કે હોંશિયાર માણસો ગણીએ છીએ..કેટલાક એવા લોકો પણ છે જે હંમેશાં સામા પ્રવાહે ચાલતા રહે છે..આવા લોકોની પણ આગવી દુનિયા હોય છે..પરંતુ કવિ અહીં બંને રીતે ચાલવાની વાત કરે છે..એમના માટે ચાલવું એ મહત્વનું છે..પ્રવાહની દિશા નહીં ! એમાં એક શરત છે જે ખૂબ મહત્ત્વની છે..સામા પ્રવાહે કે વહેતા પ્રવાહમાં વહેવા માટે જે હોડી કે હલેસું જે એ પોતાનું છે...કહેવાયું છે ને કે "ચેરિટી બીગેઇન એટ હોમ'..એવી જ વાત..

મુળ વાત અહીં ખુમારીની છે.આગવા મિજાજની છે..કોઇ કામ કે દિશા આપણા માટે નવાં હોય એટલે આપણે જરીક સાવચેતીથી શરૂઆત કરીએ છીએ..અહીં તો આભ સુધી વિસ્તરવાની વાત છે..એમાં એક અજબ ખુમારીનો ભાવ છે..આ રીતે ચાલવાના પડકારમાં ક્યારેક પટકાઇ પડવાનું જોખમ રહેલું હોય છે..એની આગવી ખબર હોય એમ એ કહે છે કે ભલે ઉંધા માથે પટકાઉં તો પણ જીવનનું ધ્યેય તો નીચું નહીં જ રાખું..નિશાનચૂક માફ નહીં માફ નીચું નિશાન !

ચાલતા રહેવું એ જ ખાસ વાત છે..જે માણસ ગણીગણીને ડગ માંડે એ મંઝિલ સુધી ના પહોંચી શકે..હિંમતથી હાલી નિકળનારાને આવી તમા હોતી નથી..ભલેને એ મધ્યાહનનો સમય હોય કે મધરાતનો સમય ! સફરના અંતે શું મળ્યું એ ઘણીવાર ગૌણ બની જાય છે..એના રસ્તે જે અનુભવો કે આનંદ મળે છે એનો જ આનંદ હોય છે..ધારેલું તો કોનું થાય છે ? ધારેલું હંમેશાં ધણીનું જ થતું હોય છે..એ ધણી એટલે જગતનો નાથ..ઇશ્વર કે કુદરત. જો આમ જ હોય તો પછી ચાલવું આપોઆપ ખુમારી બની જતી જોઇએ..મારે તો એક ડગલું બસ થાય..એવું કહેવામાં એક સમજણ છે..અને આવી સમજણ થકી એકાદ ડગલું પણ મનગમતી મંઝિલ તરફ ભરવું એ નાનીસૂની ઘટના નથી !

# સુપ્રીમ કોર્ટના શાણપણને સલામ

**તંત્રીસ્થાનેથી...**

સુપ્રીમ કોર્ટે ખોંખારીને સાચી વાત કહી શકે છે ત્યાં સુધી બંધારણ અને લોકશાહી સલાતમ છે એવો સધિયારો આ દેશનો આમ નાગરિક જરૂર લઈ શખે. પાર્ટીઓ પોતપોતાના એજંડા મુજબ પ્રજાને ઘમરોળે છે. એકબીજાની સામે લાવી પોતાની બહુમતી અંકે કરી લઈ સત્તા મેળવી લે છે. રાજકીય પાર્ટી - પછી તે દેશના સ્વાતંત્ર્ય સંગ્રામની સૂત્રધાર ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ હોય કે એને મુસલમાનોની પાર્ટી ગણાવી હાંશિયે ધકેલી દેવામાં મહદંશે સફળ રહેલ ભારતીય જતના પાર્ટી હોય - એમનું અંતિમ લક્ષ્ય સત્તા જ હોય છે. દેખાય તો એ ત્યાગ, બલિદાન અને લોકસેવાને સમર્પિત હોવાનો જ કરશે, પણ સત્તા મેળવવા માટે હલકામાં હલકા હથકંડા અજમાવતાં અચકાશે નહીં. એ જ્ઞાતિઓ, પેટા જ્ઞાતિઓ અને મની-મસલ પાવર ધરાવતી ગુંડા ટોળીકોને પોતાની સાથે જોડીને અને અંતે ઈવીએમ મશીનો સાથે છેડછાડ કરીને પોતાની જીત પાકી કરતાં શરમ અનુભવતી નથી. જયારે લોકશાહીના નામે આવા હલકા હથકંડા ચાલતા હોય ત્યારે સામાન્ય નાગરિક માટે તે છેલ્લો આશ્રય ઈશ્વરનો જ રહે છે. 'ઈશ્વરેચ્છા બલીયસી' ગણીને એ ચુપચાપ નીચી મૂંડીએ જીવન ગુજાર્યા કરે છે. એને કયારેક લાખો નિરાશામાં છુપાયેલી અમર આશા જેવો વીજ ચમકારો જોવા મળે છે ત્યારે જરૂર એનો હતાશ ચહેરો વખત પૂરતો ચમકી ઊઠે છે. આવા વીજ ચમકારા કદાચ ઈશ્વરકૃપાનું જ પરિણામ હશે. ઈશ્વર જ સર્વસત્તાધીશો સામે પડકારની ભાષા વાપરવાનું બળ ન્યાયમૂર્તિઓમાં પ્રેરતો હશે. નહીંતર ન્યાયમૂર્તિઓ પણ છે તો માણસ જેવા માણસ જ. એમને પણ સરકારી ત્રાસ માટે તૈયાર રહેવું પડતું હોય છે. યોગ્યતા છતાં એમનું પ્રમોશન અટકાવીને સરકાર એની વિરુદ્ધ સ્ટેન્ડ લેવા બદલ એમની સાન ઠેકાણે લાવી શકે છે. આ બધું હોવા છતાં હજી ઈશ્વરનું નખોદ નથી વળી ગયું. ગાંધીજ સત્ય એ જ ઈશ્વર એવી વ્યાખ્યા કરી ગયા છે અને આપણી રાષ્ટ્રીય મુદ્રામાં અશોક સ્તંભના સિંહો નીચે 'સત્યમેવ જયતે' નું સૂત્ર અંકિત કરાયું છે. આ સત્યની રખેવાળી કરનાર જાબાંજ ન્યાયમૂર્તિઓ - પછી તે સૂર્યકાંત હોય કે પારડીવાલા : કાબિલેદાદ ગણાવા જોઈએ. નુપૂર શર્માને ઠપકો આપતાં જ જજોએ કરેલ નિરીક્ષણોથી સત્તાધીશ પાર્ટીને પણ એટલી જ સમજણ પડશે કે એણે એજંડાના ઓઠા હેઠળ દેશહિતને કોરાણે મૂકવાનું મહાપાપ આચર્યું છે. જે બાબતો સબજયુડિસ હોય એની ચર્ચા સંસદ જેવી સર્વોચ્ચ સંસ્થા પણ નથી કરી શકતી એવી ડિબેટ આલતુફાલતું ચેનલો કરે તે શું યોગ્ય છે ? ચેનલોને તો ઉશ્કેરણીજનક ચર્ચાઓ અને નિવેદનો દ્વારા પોતાની ટીઆરપી વધારવામાં જ રસ હોય છે. એ તો નર્યો વેપાર છે અને તે પણ પ્રજાનું શું તશે એની પરવા કર્યા વિના જ ધમધોકાર ચલાતો રહે એવી સુવિધા એને ખુદ સરકાર કરી આપતી રહી છે. કહેવાય છે કે મીડિયા સત્તાધીશોના ખીસામાં સરકી ગયું છે. આથી બધું જ લોલલોલ ચાલે છે. નરી ખુશામતનો ખેલ ચાલ્યા કરે એછે અને ભલીભોળી પ્રજા ભરમાતી અને કરમારી રહે છે. ખાટલે મોટી ખોડ કે બેફામ સત્તાધીશો પર અંકુશ અણનારો વિપક્ષ આવડી મોટી લોકશાહીમાં છિન્નભિન્ન થઈ નામશેષ થઈ ગયો છે. અલબત્ત વિપક્ષને પણ એનાં કુકર્મો અને ખોટી આળપંપાળ જેવાં પાપો જ નડ્યા છે. નુપૂર શર્માને ટકોરાબંધ શબ્દોમાં ટપારીને ન્યાયમૂર્તિએ જડબેસલાક દાખલો બેસાડ્યો છે. સત્તાધીશોએ નૂપુરને ધમકી આપનારાઓને તો ઝબ્બે કર્યા જ છે પણ જે નૂપુરના કારણએ આખા દેશમાં કોમી તંગદિલી ફેલાઈ ગઈ અને નિર્દોષ નાગરિકોનાં ગળા રહેસાવા લાગ્યાં એને આજપર્યંત ઊની આંચ આવી નથી. એની ધરપકડ થઈ નથી અને એ વીવીઆઈપી હોય એમ નીચલી કોર્ટમાં જવાને બદલે સીધી સુપ્રીમ કોર્ટનાં દ્વાર ખખડાવે છે. એના આ અહંકારને સુપ્રીમે પડકાર્યો છે. કબૂલ છે કે સામેનો સંપ્રદાય ઈશનિંદા મુદ્દે હિંદુ ધર્મ જેવો ઉદાર કે ઉદાત્ત નથીસ, કટ્ટર છે, વળી એની કટ્ટરતા એને ધાર્મિક વારસામાં મળેલ હોઈ તથા અને સરહદ પારથી સમર્થન સાંપડતું હોઈ એ ક્રૂરતાની હદ વટાવતાં કારનામાં કરતાં અચકાતો નથી. પરંતુ એને ઉશ્કેરવાથા દૂર રહેવાનો પણ એક માર્ગ તો હતો જ. મોદી શાસન પૂર્વ તમામ સરકારોએ આવી ઉશ્કેરણીથી બચવામાં શ્રેય જોયું હતું. સુપ્રીમ કોર્ટ કઈ કટ્ટરતાનું સમર્થન નથી કરતી. એને દેશમાં એખલાસ પ્રવર્તે એટલું જ ખપે છે.

# સબ રજીસ્ટ્રાર દસ્તાવેજ પેન્ડીંગ રાખી શકશે નહિ

## કોન્ટ્રાક્ટ એક્ટ તથા રજીસ્ટ્રેશન એક્ટની જોગવાઈનું પાલન કરવું ફરજીયાત



કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

રાજ્ય સરકારે જુદા-જુદા કારણોસર સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધવામાં આવતા દસ્તાવેજોને તા. ૦૧/૦૭/૨૦૨૨થી પેન્ડીંગ રાખવાની જોગવાઈનો અંત લાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હવેથી સબ રજીસ્ટ્રાર કચેરી સમક્ષ નોંધણી માટે રજૂ કરવામાં આવતા દસ્તાવેજોમાં અધૂરી વિગતો, અપૂરતી વિગતો અથવા અપૂરતા દસ્તાવેજી પુરાવા હોય તો દિન-૭માં આવા કારણોસર સબ રજીસ્ટ્રાર દસ્તાવેજ નોંધવા સામે કોઈ વ્યક્તિનો, સંસ્થાનો કે મંડળી કે બેન્કનો વાંધો પુરાવાસહ રજુ કરવામાં આવશે અને પુરાવા યોગ્ય લાગશે તો આવા પ્રકારનાં દસ્તાવેજો પણ નોંધણી માટે સબ રજીસ્ટ્રાર દિન-૭ની અંદર આવા વાંધા અરજ રજુ કરનાર તરફથી સંતોષકારક રીતે દૂર કરવામાં નહિ આવે તો આવા દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર નોંધણી કરવા રજુ કરનારને પરત કરશે.

દસ્તાવેજમાં દસ્તાવેજ કરનારની સહી પાનકાર્ડ, આધારકાર્ડ, સ્ટેમ્પડ્યુટીની પૂરતી રકમ પાવર ઓફ એટર્ની હોલ્ડર હોય તો પાવરની ખરી નકલ, સાક્ષીઓની સહી તથા દસ્તાવેજ કરનાર તથા દસ્તાવેજ કરાવી લેનાર પાસપોર્ટ સાઈઝનાં ફોટા તથા જે મિલકતનો દસ્તાવેજ કરવામાં આવ્યો હોય તે મિલકતનાં બંને સાઈડનાં બે ફોટોગ્રાફ આવી તમામ વિગતો પહેલા અધૂરી હોય તો પણ પેન્ડીંગ દસ્તાવેજમાં મૂકવામાં આવતા ત્યારબાદ અધૂરી વિગતવાળા દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર દ્વારા અરજદારને નિયત સમયમર્યાદામાં વાંધા પૂર્તતા કે ખૂટતા દસ્તાવેજી પુરાવા રજુ કરવા માટે સબ રજીસ્ટ્રાર તરફથી કોઈ જ નોટીસ પાઠવવામાં આવતી નહી કે સમયમર્યાદાની અંદર અરજદારને જાણ શુધ્ધા કરવામાં આવતી ન હતી. કેટલાક કિસ્સામાં અપૂરતી ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી બજારકિંમત કરતા ઓછી રકમનાં દસ્તાવેજ નોંધવા રજુ કરવામાં આવતા આવા દસ્તાવેજની ખૂટતી રકમ સ્ટેમ્પ મૂલ્યાંકન તંત્ર પાસે ૩૨-ગ મુજબની નોટીસ મોકલવામાં આવતા અથવા ખૂટતી રકમ વસૂલ કરવા સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકન ડેપ્યુટી કલેક્ટર તરફથી અરજદારને નોટીસ પાઠવવામાં આવતી ત્યારબાદ આવા દસ્તાવેજો કચેરીમાંથી ગૂમ થવાનાં પણ કિસ્સા પ્રકાશમાં આવેલા ત્યારબાદ બીજી નકલોના આધારે અન્ય કાર્યવાહી પૂરી કરવામાં આવતી.

મિલકત તબદીલ અધિનિયમ મુજબ કોન્ટ્રક્ટ એકટ તથા રજીસ્ટ્રેશન એકટની જોગવાઈનું પૂરતું પાલન કરી દસ્તાવેજ નોંધવામાં આવે છે કે નહિ તે ધ્યાને લઈ રજીસ્ટ્રાર મિલકતની બજાર કિંમતની જંત્રી લઈ દસ્તાવેજ નોંધી ઈન્ડેક્ષ આપતા હોય છે. ત્યારબાદ રેવન્યુ રેકર્ડમાં ફેરફાર તે મુજબ થતાં રહે છે. હવેથી કાયદા મુજબનાં દસ્તાવેજો રજુ કરવામાં નહિ આવ્યા હોય તો નોંધણી માટે લેવામાં આવશે નહિ, તેમજ અધૂરી વિગતોની પૂર્તતા તથા વાંધાઓ ના પુરાવા દિન-૭માં પૂર્તતા નહિ કરવામા આવે તો દસ્તાવેજ રજુકર્તા ને પરત સોંપવામાં આવશે.

દરેક સબ રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણી માટેનાં ચેકલીસ્ટ ફરજીયાત રીતે જાહેર નોટીસમાં લખી પક્ષકારોને જાહેર જનતાને વંચાય તે રીતે મૂકવાનાં રહે છે.

મિલકતનાં દસ્તાવેજમાં મિલકત ઓળખી શક્ય તેટલા પુરાવા ના હોય રજીસ્ટ્રેશન એક્ટ મુજબ નિયત સમય મર્યાદામાં દસ્તાવેજ રજુ કર્યા ના હોય.

દસ્તાવેજ રજુ કરનારનો પાસપોર્ટ સાઈઝનો ફોટો તથા ફીંગર પ્રિન્ટ રજુ કરવી ફરજીયાત છે. જેણે દસ્તાવેજ નોધવાનો છે તેમણે અધિકૃત પુરવા રજુ કર્યા ના હોય તો આવા દસ્તાવેજ રજીસ્ટ્રાર પરત કરશે.

દસ્તાવેજનાં દરેક પાના ઉપર રજુ કરનાર પક્ષકારનો સહી અથવા અંગૂઠાનું

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

- ગુલઝારીલાલ નંદાની જન્મજયંતિ, ભારતના પૂર્વવડાપ્રધાન.
- સ્વામી વિવેકાનંદની પુણ્યતિથિ, ભારતીય આધ્યાત્મિક મહાનુભાવ.
- પિંગલી વેંકૈયાની પુણ્યતિથિ, ભારતીય રાષ્ટ્રધ્વજની રૂપરેખા તૈયાર કરનાર.

### આજનું ઔષધ

- મરડામાં કેરીની શેકેલી ગોટલી દહીં કે છાશ સાથે આપવી.

### ખડખડાટ

- હું એક મિત્રને ત્યાં ગયો હતો, એમનાં દીકરાને મેં પૂછ્યું બેટા, હવે આગળનો શું પ્લાન છે? મને કહે તમારા પર નિર્ભર કરે છે. મેં પૂછ્યું કેમ ? છોકરો - તમે જશો ત્યારે હાથમાં ૧૦૦ આપશો તો પાવભાજી અને ૩૦૦ આપશો તો મેકડોનાલ્ડ...!

### આજનું વોટ્સએપ

- શરીરમાં જે કામ શ્વાસ કરે છે સંબંધમાં એ કામ વિશ્વાસ કરે છે.

# બીજાઓ કરતાં પોતાને ચઢિયાતા બનાવવાની હરિફાઈમાં ઊતરવાને બદલે પોતાને પોતાની જાત કરતાં વધુ ઉત્કૃષ્ટ બનાવવી, તેમાં શ્રેષ્ઠતા રહેલી છે



WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

મૃત્યુ પામે તે પહેલાં -

હું મૃત્યુ પામું તે પહેલાં મારે મારી જાતને પૂરેપૂરો ઉપયોગ કરી લેવો છે. હું જેટલું વધુ કામ કરીશ એટલો વધારે હું જીવીશ. મારે માટે જીવન ટૂંકી મીણબત્તી' નથી, એક ભવ્ય મશાલ છે, જે પળભર માટે મારા હાથમાં આવી છે અને ભવિષ્યની પ્રજાને તે સોપી દેતાં શક્ય તેટલા તેજથી મારે એને પ્રજવલિત કરવી છે.

- જયોર્જ બનાર્ડ શૉ

આજના આ સમયમાં જેની પાસે સત્તા અને સંપત્તિ છે તેને માન મળે છે એવું આપણે જોઈ રહ્યા છીએ. પણ ખરેખર જો જોવા જઈએ તો સત્તા, સંપત્તિ કે પછી કેવળ જ્ઞાન કે વિદ્યા પણ સન્માનનીય ન જ ગણાય.

દુનિયાદારીનું સંપૂર્ણ જ્ઞાન હોવું કે ભાગ્યના જોરે જ નસીબવાન હોવાનું પણ સન્માનપાત્ર નથી. સન્માનનીય કે સન્માનપાત્ર વ્યક્તિ એ ખરેખર પૂરેપૂરાં બળ, આવડત અને દિલથી મજૂરી કરતો મજૂર છે. એક મજૂર સાધન, ઓજાર વગેરેની મદદથી એટલો મચી પડે કે તેના હાથપગ, આંગળા, નાયુઓ અને રગેરગ તેના કામમાં એકાગ્ર બનેલા હોય છે.

સન્માનાર્હ હું બીજો ગણું છું બુદ્ધિમાન, બુદ્ધિસજ્ઞ, બુદ્ધિને વાપરી જાણનાર, ખેડનાર, પદોડનાર, નિચોવનાર, મથનાર, વલોવનાર, માથું ભમી ભમી ઘુમ્મ થઈ જાય, ફાટી પડતું લાગે, મૂર્શિત થઈ જાય, ત્યાં લગી ખેદો ન છોડનાર મનન-પરાયણ નરને, કોદાળી, પાવડો, હળ, દંડાતી વગેરે જેમ મજૂરનાં ઓજાર છે તેમ વિદ્યા, શાસ, ઈતિહાસ, અનુભવ, અવલોકન, ભાવના અને સ્વપ્નાંની સાતે સાક્ષાત વિરાટનો આખો ચરખો, વિચારક માણસનાં સાધનસામગ્રીય છે, ઓજાર-હથિયારે છે. એણે માણસજાતની નબળાઈઓને પણ શોધવાની તથા પરામર્શવાની છે. એણે અસ્પૃશ્ય અને અપવિત્રને, સડાને, રોગને પણ તપાસવા-ચૂંથવાના છે. માણસોમાં સન્માનાઈ જેટલો મજૂર છે તેટલો વિચારક છે, જેટલો વિચારક છે તેટલો મજૂર છે. વિચારકને કશું અપ્રસ્તુત નથી, સિદ્ધ નથી, કશું અસાધ્ય નથી. વિચારકને કોઈ પરમ ગુરુ નથી, વિચારક કોઈનું ગુરુપદ ચાહતો નથી. ગુરુપદ સમર્પવા આવે તેવાને સાફ કહી દે છે : ભાઈઓ, તમે પોતે પોતાના ગુરુ બનવા સમર્થ છો. નાના-મોટા સૌ સ્વતંત્ર વિચારક બની પોતાપોતાના ગજા, અનુભવ, સંજોગો, સાથીઓ પ્રમાણે વિચારપ્રવૃત્તિમાં ધાયે જાય, એટલું જ તે તો વાંછે.

● ● ●

ભારત સરકારના ઉદ્યોગખાતાના એક કાળે સફળ પ્રધાન હતા તે ડી.એ. પાઈએ નાનપણમાં એક જયોતિષશાસ્ત્રીને પોતાનાં માતાજીને એવું કહેતાં સાંભળ્યા કે, આ છોકરો મેટ્રિકથી આગળ અભ્યાસ નહિ કરી શકે અને જીવનમાં સફળતા નહિ મેળવી શકે. તે દિવસ સુધી એ કિશોર આળસુ હતો, સવારો મોડો ઊઠે અને લેસન કરવામાં પાછો પડે. પણ આ વાત સાંભળીને રાતોરાત તેણે નિર્ણય કરી લીધો કે, આ જયોતિષીને ખોટા પાડવા.

બીજા દિવસથી સવારે પાંચ વાગે ઊઠીને તેને બધું લેસન બરાબર કરવા માંડ્યું ને ઈતર વાચન માટે પણ સમય કાઢ્યો. વખત જતાં એ સિન્ડિકેટ બેંકના મેનેજિંગ ડિરેકટર બન્યા, ઈંદિરા ગાંધીની સરકારમાં પ્રધાનપદ મેળવ્યું.

● ● ●

મહાન લખાણ અને રોચક લખાણમાં ફરક છે. રોચક લખાણ શબ્દો જોડે રમતાં આવડે એવી કુદરતી બક્ષિસનું પરિણામ હોઈ શકે છે. જયારે મહાન લખાણ ઉદ્ભવે છે એકાગ્રતામાંથી, વિન્સ્ટન ચર્ચિલ જયાં સુધી વિચારને અનુરૂપ યોગ્ય શબ્દો ન મળે, ત્યાં સુધી પોતાના લખાણને મઠારવાની મહેનત કર્યા જ કરતા. પિકાસો ઘડીભરમાં શ્રેષ્ઠ કલાકૃતિ તૈયાર કરી શકતા; પરંતુ એ સરળ દેખાતી રેખાઓ પાછળ કલાકો અને મહિનાઓનો મહાવરો હતો.

● ● ●

બીજાઓ કરતાં પોતાને ચઢિયાતા બનાવવાની હરિફાઈમાં ઊતરવાને બદલે પોતાને પોતાની જાત કરતાં વધુ ઉત્કૃષ્ટ બનાવવી, તેમાં શ્રેષ્ઠતા રહેલી છે. આપણે બધા નૉબેલ ઈનામ ન જીતી શકીએ, પણ એટલું તો જરૂર કરી શકીએ કે કોઈ પણ વસ્તુને ગઈકાલ કરતાં આજે વધુ સારી રીતે કરીએ, અને આવતીકાલે તેથી પણ વધુ સારી રીતે કરવાની ઉમ્મીદ રાખીએ.

**Last Seen :**

જો તમે મને એમ કહેશો કે, તમને એક શરતે છોડી શકીએ અને તે એ કે તમારે કયારેય, કશા માટે, કોઈ પણ પ્રકારની ચર્ચાવિચારણા ન કરવી, ઊંડા ઊતરી કશાનો તાગ મેળવવાનો પ્રયત્ન ન કરવો — આવી શરત પર તમે મને માફ કરવાના હો, તો મારો જવાબ છે : "જયાં સુધી મારામાં પ્રાણ છે, બળ છે, ત્યાં સુધી હું તત્ત્વજ્ઞાન શીખવવાનું ચૂકીશ નહીં; જેને મળશી તેને બોધ આપીશ."

- nehalgadhavi101@gmail.com

# ઈશ્વર એટલે અંધારું જોઈને દીવો કરવાનું મન થાય તે લાગણી...



પહેલું કિરણ
રમેશ તન્ના

કચ્છના નાના રણની કાંધ પર આવેલું એક નાનકડું ગામ અમરાપુર. એ ગામમાં દરરોજ એકદમ સ્વચ્છ, ચોખ્ખો અને તેજથી છલકાતો સૂર્ય ઉગતો. સૂરજદાદાની સવારી આવે તે પહેલાં હું ઊઠી જતો. મોટા ભાગે તો ઘરની ઓસરી કે વાસ (આંગણાં)માં ખાટલો ઢાળીને સૂવાનું હોય. એક પ્યાલા (ગ્લાસ)માં પાણી લઈને, આંખો ધોઈને પગ સીધા દોડે રામજી મંદિર તરફ. મંદિરના આગળના ભાગમાં રાખેલો ડંકો (ઝાલર) અને અનાજના દાણા ભરવા માટેની ડોલ લઈને, ચોકમાં આવીને અમે ધૂન શરૂ કરીએ. અમે એટલે હું અને અમારા ગામના વડીલ શંકરભાઈ. રામ ધૂન હવામાં પ્રસરે... શ્રી રામ જય રામ જય જય રામ... મોટેથી ધૂન બોલાતી જાય, અમારા પગ દરેક શેરીમાં ઘરે-ઘરે જાય, લોકો પક્ષીઓ માટે જે અનાજ આપે તે ડોલમાં ઠલવાતું જાય અને આખું ગામ ફરી લઈએ ત્યારે તો ડોલ છલોછલ ભરાઈ ગઈ હોય. રામધૂન સાથેની એ પ્રભાતફેરી ફરાઈ જાય એ પછી ગામની ઉગમણી કોર આવેલા હનુમાનજીના મંદિરના પહોળા-ખુલ્લા પરિસરમાં અનાજ વેરી નાખવાનું. એક બાજુ અનાજ નાખીએ અને બીજી બાજુ મોર, ઢેલ, ચકલી, પોપટ જેવાં પક્ષીઓ આવતાં જાય અને સવારનો બ્રેકફાસ્ટ કરતાં જાય.

આજે પણ એ રળિયામણાં દૃશ્યો મારી આંખોમાં હેમખેમ સચવાયાં છે. સૂરજ આવી રહ્યો છે તેવી છડી પોકારાઈ ગઈ હોય, મંદ-મંદ સમીર વાતો હોય, ગાયો સીમ ભણી જતી હોય, ખેડૂતો બડદગાડાં લઈને વગડે જતા હોય, પનિહારીઓ ઉતાવળે કૂવા કે તળાવ તરફ પાણી ભરવા જતી હોય અને હું હનુમાનજીના મંદિરના ઓટલા પર બેસીને, ચણ ચણતાં પક્ષીઓને કુતૂહલ અને વિસ્મયથી જોતો હોઉં. આ દૃશ્ય મારા જીવનમાં ભજવાયું અને સચવાયું એટલે હું ઈશ્વરમાં માનું છું. ઈશ્વરની પ્રતીતિ થઈ હોય તેમાં આવાં તો અનેક દૃશ્યો મારા જીવનમાં ભજવાયાં છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું કે દરિદ્ર (ગરીબ)માં નારાયણ એટલે કે ભગવાન છે. તેમણે દરિદ્રનારાયણ એવો શબ્દ આપ્યો હતો.

આ વિધાનમાં મારી ઈશ્વરની ઓળખ અને માન્યતા બન્ને આવી જાય છે.

ઈશ્વર એટલે શું ? ઈશ્વર એટલે સારી ભાવના. ઈશ્વર એટલે કોઈ ગરીબની આંખમાં આંસુ જોઈને આપણા હૃદયમાં જે ખળભળાટ થાય તે. ઈશ્વર એટલે આ સૃષ્ટિના પ્રત્યેક જીવ માટે આપણા મનમાં ભલી લાગણી હોય તે. ઈશ્વર એટલે જીવનની પ્રત્યેક ક્ષણને સુંદર રીતે જીવવાનું મન થાય તે તીવ્રતા. ઈશ્વર એટલે અંધારૂ જોઈને દીવો કરવાનું મન થાય તે લાગણી. ઈશ્વર એટલે જ્યાં જ્યાં અભાવ હોય ત્યાં ભાવ ઊભો કરવાનું મન થાય તેવો સ્વભાવ. ઈશ્વર એટલે નાનકડા બાળકની આંખમાં રહેલા વિસ્મયને અકબંધ રાખવાનો પ્રયાસ કરવો તે. ઈશ્વર એટલે વ્યક્તિના હૃદયમાં પડેલી ઉર્મિ - પ્રેમ - મમતા - વાત્સલ્ય અને લાગણીનું સંગોપન કરવું તે. ઈશ્વર એટલે આશા નામના પ્રદેશમાં શ્રદ્ધાનો જ્યોત પ્રગટાવી ધીમે ધીમે ચાલવું. ઈશ્વર એટલે કોઈ ગરીબના મોંમાં કોળિયો મૂકીને તૃપ્તિનો અનુભવ કરવો. ઈશ્વર એટલે મૃગજળમાં હોડી ચલાવીને તરસ્યે મરતા, ભૂલા પડેલા મુસાફરને મિનરલ વોટરની ભરેલી બોટલ આપીને સ્મિત વેરવું...

ભારતમાં ઈશ્વરના જેટલા આકાર છે તેનાથી વધારે પ્રકાર છે. જેટલો ઈશ્વરનો જય જયકાર છે એટલો જ હાહાકાર છે. દરેક વ્યક્તિને પોતાનો અલાયદો ઈશ્વર છે. દરેક વ્યક્તિ પોતાની બુદ્ધિના કદ પ્રમાણે ઈશ્વરને સર્જે છે.

● ● ●

જે ઈશ્વર પત્થરમાં રહેતો હોય અને પત્થર જેવાં હૃદયને મીણ ના બનાવી શકતો હોય તો એ ઈશ્વર કરતાં તો પાણો સારો અને તેનાથી ય સારું માટીનું ઢેફું.

મારા જીવનમાં ઈશ્વરનો અહેસાસ અનેક વખત થયો છે. હું કોઈ ઉત્તમ કૃતિ વાંચતો હોઉં અને તેમાં મારી સમાધિ લાગી જાય તો એ કૃતિના લેખક, મેં અને ખુદ ઈશ્વર સામે બેસીને સત્સંગ કર્યો હોય તેવું અનેક વખત બન્યું છે.

હીંચકા પર નિરાંતે બેઠો બેઠો હું આકાશ સામે તારકમૈત્રક કરતો હોઉં ત્યારે આકાશમાંથી અનેક વખત હરિવરનો હાથ લંબાયો છે અને એ હાથ મારા માથા પર મૂકાયો હોય તેવો મેં અનુભવ કર્યો છે.

મને કચરો વાળવાનું ખૂબ ગમે. નાનો હતો ત્યારથી. હું સાવરણી લઈને કચરો વાળતો હોંઉ ત્યારે પણ મેં ઈશ્વરને જોયા છે. સ્વચ્છતા ત્યાં પ્રભુતા હોય જ છે.

મને નાનાં બાળકો ખૂબ ગમે છે. આવા કોઈ બાળકને હું તન્મય થઈને રમાડતો હોંઉ અને એ બાળકનો ચહેરો અચાનક કાનુડા જેવો બની ગયો હોય, તેના હાથમાં અચાનક વાંસળી આવી ગઈ હોય તેવું એકવાર નહીં ઘણી વાર મને પ્રતીત થયું છે.

હું કોઈને પત્ર લખું ત્યારે સંબોધન પછી 'જય શબ્દેશ્વર' લખું છું. મારા હૃદયમાંથી સહજ રીતે આવેલો આ ઉદ્?ગાર છે. મને લાગે છે કે શબ્દ એ પણ બ્રહ્મ છે, ઈશ્વર છે.

પોઝિટિવિટી એ ઈશ્વર છે. સારી રીતે જીવવું અને બધા સારી રીતે જીવી શકે તેવું વાતાવરણ ઊભું કરવાના પ્રયાસો કરવા એ ઈશ્વર જ છે. હું ત્રણ દાયકાથી પત્રકારત્વ કરું છું. સ્વસ્થ સમાજના નિર્માણમાં ઉપયોગી થાય તેવા શબ્દની ઉપાસના કરવી એવું મેં વ્રત લીધું છે. એ શબ્દનું ઝળઝળ અજવાળું ઈશ્વરનું જ બીજું રૂપ છે એવું હું માનું છું. જે હોય કે ના હોય તેમાં માનીએ કે ના માનીએ પણ જે કરતા હોઈએ તેમાં તો માનતા જ હોઈએ ને !

મહાત્મા ગાંધી રામમાં ખૂબ માનતા. રામનામથી તેમણે નાનપણમાં પોતાનો ભય દૂર કરેલો. રામ વિના તેમને એક ક્ષણ પણ ચાલતું નહોતું. અને આમ છતાં તેમને ક્યારેય રામની તસવીરની કે મૂર્તિની જરૂર નહોતી પડી. તમે અમદાવાદનો ગાંધી આશ્રમ જોઈ આવો, પોરબંદરનું કીર્તિમંદિર ફંફોસો કે અન્ય કોઈ સ્થળ જુઓ... ગાંધીજીએ ક્યારેય રામની તસવીર કે મૂર્તિ રાખી નથી. તેઓ પ્રાર્થના કર્યા વિના ઊંઘી જ ના શકતા. આમ છતાં તેમણે ક્યારેય દીવો કર્યો હોય, અગરબત્તી પેટાવી હોય તેવું બન્યું નથી. રામ તેમના હૃદયમાં હતો, તેમના હોઠ પર હતો અને તેમના રોમે-રોમમાં હતો.

બીજી એક મહત્ત્વની વાત એ છે કે હું ઈશ્વરમાં માનું છું કારણ કે ઈશ્વરમાં માનતા અનેક લોકોમાં હું માનું છું. જે લોકો ઈશ્વરમાં માને છે તેમની માન્યતાનો હું વિરોધ કરતો નથી. તેમની લાગણીને હું એટલું જ માન આપું છું જેટલી મારી પોતાની લાગણીને.

હા, હું મારું કોઈ કામ કરાવવા ઈશ્વરની 'માનતા' (કે બાધા) રાખતો નથી કારણ કે મારી ઈશ્વરની માન્યતા એવી છે કે લાંચ આપવી પડે એવો ઈશ્વર ભ્રષ્ટ નથી અને મારું કામ મારે કોઈની પાસે કરાવવું પડે એટલો હું નબળો નથી.

ઈશ્વર એ સારપનો, સૌંદર્યનો, સત્યનો, શ્રમનો, સુગંધનો અને સાર્થકતાનો વિષય છે.

આ બધાનું સહિયારું અજવાળું જ્યાં હોય ત્યાં ઈશ્વર જરૂર હોય છે. આવા અજવાળામાં મેં અનેક વખત ઈશ્વરને સગી આંખે જોયા છે, સગા કાને તેનો અવાજ સાંભળ્યો છે અને સગા હૃદયે તેની અનુભૂતિ પણ કરી છે.

તેથી હું મારી જાતની સાક્ષીએ, પૂરેપૂરા ભાનમાં, કોઈની શેહ-શરમ વિના, કોઈ પણ પ્રકારના પ્રલોભનથી પ્રેરાયા વિના, કોઈથી દોરવાયા વિના, કોઈ પણ પ્રકારના માર્કેટિંગના કોઈ ફંડામાં આવ્યા વિના, મિડિયાની માયાથી ખેંચાયા વિના, પૂરા સાનભાનમાં કહું છું કે હું ઈશ્વરમાં માનું છું.

**ગોધૂલિ :**

ઈશ્વર માટે રડવાનું નથી કે ઈશ્વરથી ડરવાનું પણ નથી,

ઈશ્વરમાં પરમ શ્રદ્ધા રાખીને જીવનને આનંદ સાથે પસાર કરવાનું છે.